# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-08-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM SAHAKARI BANK UDGHATAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના સોલા સ્થિત કુકરવાડા સહકારી બેંકનું ઉદઘાટન કર્યું હતું.. ચોથી સહકારી બેંકના ઉદઘાટન બાદ તેમણે બેંકની મુલાકાત લઇને બેંકની તમામ સેવાઓની જાણકારી મેળવી હતી.. સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ઉદ્દઘાટન પ્રસંગે મુખ્યમંત્રીએ આ નવી શાખાને સહકારી ક્ષેત્રનું નવું સોપાન ગણાવ્યું હતું.

. . . . . . . . . . .

# CM- Aadhyatmik Varshayog

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદ આધ્યાત્મિક વર્ષાયોગ 2025માં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીએ ગુજરાત યુનિવર્સીટી ખાતે યોજાયેલ આધ્યાત્મિક વર્ષાયોગ અને પ્રાકૃત ભાષાના સત્કાર સમારંભમાં ઉપસ્થિત રહી ચાતુર્માસમાં અમદાવાદ શહેરમાં પધારેલા પરમ પૂજ્ય આચાર્ય શ્રી સુનિલ સાગરજી અને દિગમ્બર મુનિશ્રીઓના આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ ભારતની પ્રાચીન ભાષા એવી પ્રાકૃત ભાષાના ગ્રંથનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય  કૌશિક જૈન, સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોબા ખાતે આચાર્ય મહાશ્રમણજીની મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ તેમની આ મુલાકાત દરમિયાન આચાર્યશ્રીને વંદન કરી આશીર્વચન પ્રાપ્ત કર્યા હતા.

. . . . . . . . . . .

## Rajyapal- Prakrutik Kheti

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે હિન્દુસ્તાન કૃષિ સંશોધન કલ્યાણ સોસાયટીના સહયોગથી પ્રાકૃતિક કૃષિ અને ઉભરતી ટેક્નોલોજી વિષયક 30 દિવસીય આંતરરાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષણ શિબિરનો શુભારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, પ્રાકૃતિક ખેતી એ માત્ર વિકલ્પ નહીં, પરંતુ ટકાઉ વિકાસ, સ્વસ્થ જીવન અને પર્યાવરણ સંરક્ષણનો નિશ્ચિત માર્ગ છે. તેમણે વધુમાં કહ્યું કે પ્રાકૃતિક ખેતી એ ઓર્ગેનિક ખેતીથી અલગ છે, પ્રાકૃતિક ખેતી શુદ્ધ સૂક્ષ્મજીવાણુઓની ખેતી છે

શ્રી દેવવ્રતે જણાવ્યું હતું કે, જો દેશના ખેડૂતો મોટા પાયે પ્રાકૃતિક ખેતી અપનાવે છે, તો ખેડૂતોની આવકમાં વધારો થશે.

. . . . . . . . . . .

## ARVALLI - PARANA

અરવલ્લીના યાત્રાધામ શામળાજી ખાતે નંદોત્સવ ઉજવાયો હતો.. શ્રી કૃષ્ણ જન્મ બાદ બીજા દિવસે નંદોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.. બાળ ક્રિષ્ણ લાલજીને ચાંદીના ફૂલોથી શણગારેલા પારણામાં પધરાવી ઝુલાવાયા હતા.. કાન્હાને પારણીએ ઝૂલતા બાળ કૃષ્ણને રમકડાં રમાડી પારણે ઝૂલાવ્યા હતા.. નંદોત્સવ બાદ શામળિયાની આરતી કરાઈ હતી. કાન્હાને પારણે ઝૂલાવવા મોટી સંખ્યામાં ભક્તો પહોંચ્યા હતા અને દર્શન કરી રહ્યાં હોવાનું શામળાજી મંદિરના પૂજારી પરેશભાઇએ જણાવ્યું હતું.

(બાઇટ- પરેશ પૂજારી)

. . . . . . . . . . .

# KARJAN DAM

ભરૂચ નર્મદાના ખેડૂતોની જીવાદોરી એવા કરજણ ડેમના ઉપરવાસમાંથી પાણીની આવકમાં વધતા રુલ લેવલ જાળવવા માટે આજે કરજણ ડેમના બે ગેટ ખોલાયા હતા.. કરજણ ડેમના ગેટ નં. 3 અને 5 - 40 સેન્ટીમીટર ખોલવમાં આવ્યાં છે. ડેમમાં પાણીની આવક 6 હજાર 129 ક્યૂસેક નોંધાઈ છે. કરજણ ડેમના હેઠવાસમાં આશરે ત્રણ હજાર 851 ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે.

. . . . . . . . . . .

# YATRI PATEL ASIAN GAME SILVER MEDAL

ગુજરાતની યાત્રી પટેલે બેંગકોકમાં યોજાયેલી એશિયન અંડર-૨૨ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો હતો. યાત્રી પટેલે મહિલાઓની 75 કિગ્રા વજન વર્ગની સ્પર્ધામાં રજત ચંદ્રક મળ્યો હતો..

યાત્રી પટેલે અત્યાર સુધી રાષ્ટ્રીય ચેમ્પિયન શીપમાં 3, આંતરરાષ્ટ્રીય યુથમાં 1 કાંસ્ય ચંદ્રક, અંડર 22 માં 1 રજત ચંદ્રક અને ગુજરાતમાં ખેલ મહાકુંભ - 2019, 2025 માં સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે.

યાત્રી જણાવે છે કે તેનું સ્વપ્નું ઓલિમ્પિકમાં ભાગ લઈ દેશનું નામ રોશન કરવાનું છે.

( બાઇટ- યાત્રી પટેલ : સ્પોર્ટ્સ મેન )

. . . . . . . . . . .